# SHREE VASISHTHA VIDHYALAYA

**Gujarati 2nd Language Worksheet 2024-25**

Name : - ________________________________ Std.:- V - ________

Roll No. :-_______ Worksheet No.PA2-01 Date : - ___________

**પાઠ – કોણ હલાવે લીમડી, પાઠ – ૧૦ બાપુની શિખામણ, પાઠ –૧૧ ઉખાણાં**

**ગદ્યાંશ**

ઝાડ વિનાની જગતની કલ્પના કરીશું તો ઝાડ વિનાનું જગત જોવા જેવું નહીં લાગે, જીવવા જેવું નહીં લાગે, અરે, ઝાડ વિના જીવવું જ ભારે પડી જાય! વૃક્ષની ઉપયોગિતા નો વિચાર કરીશું તો જણાશે કે આપણને કેટલું બધું ઉપયોગી છે! ઉનાળામાં રસ્તા પર ચાલતાં તડકા થી પરસેવે રેબઝેબ થઈ ગયા હોઈએ અને વૃક્ષની ઘટા નીચે આવી પહોંચીએ ત્યારે આપણે કેવી હાશ અનુભવીએ છીએ! આપણા હૃદયમાંથી વૃક્ષ માટે મૂંગા આશીર્વાદ નીકળી પડે છે. વૃક્ષ પશુ પંખીઓનું આશ્રયસ્થાન છે. વૃક્ષની ડાળીઓમાં પક્ષીઓ પોતાનો માળો રચી સંસાર માડે છે અને વિશ્રામ કરે છે. વૃક્ષની છાયા માં પશુઓ આરામ કરે છે. બાળકો વૃક્ષની છાયામાં અવનવી રમતો રમી આનંદ કરે છે. વૃક્ષનું લાકડું બળતણ તરીકે વપરાય છે. વૃક્ષના લાકડા માંથી ઘરનું રાચરચીલું બને છે. વૃક્ષો આપણને લાખ, ગુંદર, રબર ઉપરાંત અનેક ઔષધીઓ આપે છે. વૃક્ષો જમીનનું ધોવાણ અટકાવે છે. વૃક્ષો હવાને શુદ્ધ કરે છે. સૂર્યપ્રકાશની હાજરીમાં વૃક્ષો ખોરાક બનાવવામાં કાર્બન ડાયોક્સાઇડ નો ઉપયોગ કરે છે. અને ઓક્સિજન બહાર કાઢે છે, જે આપણા જીવન માટે અનિવાર્ય છે. વૃક્ષો વરસાદ લાવવામાં પણ મદદ કરે છે. વૃક્ષો વિશ્વની શોભા છે. એના આપણા પર અનેક ઉપકારો છે.

**પ્રશ્ન - ૧. (અ) ઉપરના ગદ્યાશને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧) આપણા હૃદયમાંથી વૃક્ષ માટે કેવા આશીર્વાદ નીકળી પડે છે?

--------------------------------------------------------------------------------------------

૨) સૂર્યપ્રકાશની હાજરીમાં વૃક્ષો શું કરે છે?

--------------------------------------------------------------------------------------------

૩) ઝાડ વિનાના જગતની કલ્પના કરીશું તો શું થશે?

--------------------------------------------------------------------------------------------

**બ) ખાલી જગ્યા પૂરો.**

૧) વૃક્ષ---------------------નુ આશ્રયસ્થાન છે.

૨) વૃક્ષો જમીનનું ---------------------અટકાવે છે.

૩) વૃક્ષો ---------------------લાવવામાં પણ મદદ કરે છે.

**પ્રશ્ન - ૨. પાઠના આધારે નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧) બેન -------------------ડાળીએ હીંચકા ખાય છે.

૨) કવિતામાં---------------- ,----------------- અને--------------- ઉલ્લેખ છે.

૩) બેનનો -----------------નાનો છે.

૪) કવિતામાં પ્રેમ માટે -----------------શબ્દ વપરાયો છે.

૫) ગાંધીજી ઉત્તર પ્રદેશના પ્રવાસમાં --------------------સાથે ગયા હતા.

૬) અલ્હાબાદમાં --------------------નદીઓનો સંગમ થાય છે.

૭) જે--------------------ને માન આપે છે તેને જ-------------------- મળે છે.

૮) આપણે-------------------- અને --------------------નો દુરુપયોગ ન કરવો જોઈએ.

**પ્ર-3) નીચેના વાક્યો ખરા (✓)છે કે ખોટા (×) તે જણાવો.**

૧) વિદ્યાર્થીનીઓએ "કહ્યું બાપુ હવે અમે ખાદીના જ કપડા પહેરીશું. ( )

૨) ગાંધીજી ખાદીને ભારતનો આત્મા કહેતા. ( )

૩) ગાંધીજી પોતાની તબિયત સુધારવા અલ્હાબાદ ગયા હતા. ( )

૪) બેનનો હીંચકો  મોટો છે. ( )

૫) ધુમાડો પગ વગર ડુંગર ચડે છે. ( )

૬) કાવ્યમાં પોપટ ,કોયલ અને મેના નો ઉલ્લેખ છે. ( )

૭) સ્વયંસેવકોએ કહ્યું અહીં ત્રિવેણી સંગમ છે. ( )

૮) આપણે આપણી જરૂરિયાત જેટલું જ પાણી વાપરવું જોઈએ. ( )

**પ્રશ્ન - ૪. પાઠના આધારે નીચેના પ્રશ્નોના જવાબ  વાક્યમાં લખો.**

૧) ગાંધીજી ને નહેરુજી સાથે કયા શહેરમાં હતા?

------------------------------------------------------------------------------------

૨) સુતરનું હાથથી વણેલું કાપડ ને શું કહેવાય છે?

------------------------------------------------------------------------------------

૩) કોના જીવનમાં સત્ય અને સમય રેલવેના પાટાની જેમ સાથે ચાલે છે?

------------------------------------------------------------------------------------

૪) પડછાયો ક્યારે અલોપ થઈ જાય છે?

------------------------------------------------------------------------------------

૫) કયા પ્રાણીને પગ છે પણ તે પશુ નથી જીવડું છે?

------------------------------------------------------------------------------------

૬) ગાંધીજી હંમેશા ની જેમ કયા વર્ગમાં બેઠા હતા અને કયુ કાર્ય કરતા હતા?

------------------------------------------------------------------------------------

૭) ખાદી કયા લોકોનું આજીવિકાનું સાધન છે?

------------------------------------------------------------------------------------